# નૂતન વર્ષ દ્રઢ સંકલ્પ સાથે સ્વાગત

જ્ઞાનામૃત
બ્રહ્માકુમાર અનિલ

પુષ્પ જેમ ખૂશ્બુની નિરંતર પ્રસાર કર્યા વિના રહી શકતુ નથી, તેમ માનવીનું મન પણ હરહંમેશ વિચારો કર્યા વિના નથી રહી શકતું. સદા વિચારો કરવા - એ છે મનુષ્યના મનનો સ્વભાવ. કોઈ પણ વિચાર ચોકકસ વાત નિશ્ચિત કાર્યપ્રતિ દ્રઢ બને છે, ત્યારે તેને દ્રઢ મનોબળ સંકલ્પ કહીએ છીએ. સુંદર, શ્રેષ્ઠ અને આત્મબળ સહિતના, શુભ આદેશવાળા સંકલ્પો કરનાર મનુષ્ય સુગંધિત પુષ્પની જેમ આકર્ષક અને ગુણવાન બનતો જાય છે. શ્રેષ્ઠ અને શુભ સંકલ્પો માનવીને આત્મ સંતુષ્ટ અને લોકપ્રિય બનાવવામાં ઉત્તમ ભાગ ભજવે છે. વિશાળ વૃક્ષની તાકાત જેમ તેનાં બીજમાં રહેલી શક્તિને આભારી છે, તે જ રીતે મનુષ્ય સમગ્ર જીવન અને ભાવિનો આધાર સંકલ્પશકિત પર રહેલો છે. શુધ્ધ, પવિત્ર અને દ્રઢસંકલ્પે માનવને મહાનતાના શિખરે આરૂઢ કરી આબાદ બનાવી શકે છે; તો અશુધ્ધ અને અભદ્ર જીવનની ખાઈમાં ધકેલી શકે છે.

પ્રબળ સંકલ્પશકિતના કારણે જ સિધ્ધાર્થમાંથી બુધ્ધ, નરેન્દ્રમાંથી વિવેકાનંદ અને મોહનમાંથી મહાત્મા ગાંધી જેવી વિભૂતી પ્રકટી શકે છે. સંકલ્પની અપરિમેય શકિત વડે જ એક ભયંકર લૂંટારો પતિતમાંથી પાવન અર્થાત્ વાલીયામાંથી વાલ્મિકી ઋષિ અને અંગુલીમાલ માંથી નય ભીક્ષુમાં રૂપાંતર પામી શકે છે. દાનવમાંથી દેવ બનવાની પ્રક્રિયા પ્રારંભ સંકલ્પશક્તિથી થાય છે.

સંકલ્પશકિત એ તો છે સિદ્ધિના શિખર માટેનું પ્રથમ સોપાન. એક વાર દ્રઢ સંકલ્પ થયો પછી એવું તો પ્રબળ એવી તો તાકાત પ્રકટે છે કે જે મનુષ્યને નિરંતર લક્ષ પ્રતિ ખેંચી રાખે છે. લક્ષ્યની જરા પણ વિસ્મૃતિ થવા દેતી નથી. અંતરમાં એક અનોખી લગની, એક તીવ્ર જવાલા પ્રકટાવે છે. જેને કારણે જીવનમાં સર્વ વ્યાપારો, સર્વ તૃષ્ણાઓ, સર્વ કામનાઓ અને મહેચ્છાઓ નિશ્ચિત લક્ષ્ય પ્રતિ તેની પ્રાપ્તિ પ્રતિ એકાગ્ર અને એકરૂપ બનીને વહી જાય છે. એક પ્રચંડ ઝંખનામાં જીવનના સઘળા આવિર્ભાવો એકરૂપ બની જાય છે. રોમ રોમ પ્રાપ્તિની અખૂટ ચાહનામાં આકુળવ્યાકુળ બની જાય છે. જીવનની સમસ્ત એષણાઓ એકરૂપ બની લક્ષ પ્રતિ જ ઘૂઘવતા પૂરની જેમ વહે છે. જાણે એક અલખ જવાળા પ્રકટી ઉઠી ન હોય ! હા લક્ષ એટલું જ ઉન્નત, સમર્થ અને જીવંત રસ પેરે એવું હોવું આવશ્યક છે.

પ્રભુ મિલનની આશ પરમાત્માની પ્રાપ્તિનું લક્ષ-પ્રત્યેક આત્માના એક લગનની જવાળા પ્રકટાવી શકે છે. જેમાં સર્વ શુદ્ધ તૃષ્ણાઓ અને વ્યર્થ સંકલ્પો હોમાઈ શકે ત્યારે રૂપાંતર કરો કે પરિવર્તન કહો, અદમ્ય પુરુષાર્થના ફળરૂપે પ્રકટ થાય છે. સંકલ્પશકિત અને સિધ્ધિ વચ્ચેનો સેતુ છે. આ અદમ્ય પુરૂષાર્થના




ફળ સ્વરૂપ પરિવર્તન યા રૂપાંતર શકિત. પ્રબળ સંકલ્પ પુરૂષાર્થનું કારણ અને ભૂમિકા બંને બને છે. કમજોર સંકલ્પ કર્મ પુરૂષાર્થ કરાવે છે. 'આરંભે શૂરા' ની જેમ જયારે સાધારણ સંકલ્પ સાધારણ પુરૂષાર્થ કરાવીને સાધારણ ફળની પ્રાપ્તિ કરાવે છે.

પરંતુ જયાં ત્યાગ દ્વારા સર્વ દુન્યવી વળગણો-આકર્ષણો-પ્રલોભનો-ખેંચાણો ખરી પડે ત્યારે પુરૂષ અર્થાત્ આત્માઅર્થ અર્થાત્ ધ્યેય પ્રતિ ગતિ કરવા સમર્થ બને છે. સ્વામી વિવેકાનંદે ખૂબ જ સાચું કહ્યું છે કે, Great things are done only by great sacrifice...

'ઉત્તમ કાર્યો મહાન ત્યાગ વિના સંભવી ન શકે,' અને ત્યાગ એટલે શું? ભૌતિક ત્યાગ સાધનો આકર્ષણો અને વ્યકિતના સંબંધોના રસિક ખેંચાણોમાંથી મુકિત, અભાવ કે ઉપેક્ષા મનમાં કરવાની વાત નથી, કારણ તે પણ એક નવું બંધન સર્જે છે. વૈરાગ્ય અપનાવવાની જરૂર નથી, માત્ર રાગથી મુક્ત હોવાની જરૂર છે.

ભારતમાતાની આઝાદીના મહાન લડવૈયા લોકમાન્ય ટિળકના 'સ્વરાજ અમારો જન્મસિધ્ધ અધિકાર છે; અને અમે કોઈ પણ ભોગે તે મળવીને જ જંપીશું.' આ દ્રઢ સંકલ્પથી ભારતવાસીઓમાં કેવું જોમ પુરાયું હતું ! આ દ્રઢ સંકલ્પના સમર્થ આંદોલનો 'વાઈબ્રેશન' કયા માધ્યમથી અનેક દેશપ્રેમી હૃદયોએ ઝીલ્યાં હશે? આ વિચારવા જેવી વાત છે.

મહાત્મા ગાંધીએ વિદેશીઓ પ્રતિ "હિંદ છોડો'ની ગર્જના કરી ત્યારે ચૈતન્ય શક્તિનો અદ્ભૂત પ્રવાહ એકએક ભારતવાસીમાં કેવા વેગથી ફેલાઈ ગયો હતો. માત્ર એક ગાંધીબાપુના આત્માનો દ્રઢ સંકલ્પ કરોડો માનવીના જીવનને હલાવી નિર્ભયતા અને વિરતાનું દાન દેતો ગયો, જે થકી દેશદાઝની એવી તો જવાળા પ્રગટી કે અંગ્રેજોની ગોળીઓ કે કારાવાસની કોઈએ પરવાહ ના કરી. આઝાદીના લક્ષમાં જીવનને હોડમાં મૂકી દીધું. કુરબાનીને બાથમાં ભીડી જીવતરની કોઈ સુંવાળપ આઝાદીની આ અગનમાં ખેંચી શકી નહીં. અગર જીવનની કે રાષ્ટ્રની આઝાદીની પ્રાપ્તિ તરફ આવા શ્રેષ્ઠ બલિદાનની આહૂતિઓ શકય બનતી હોય તો પરમલક્ષ પ્રતિ પણ 'ત્યાગ' ની ગાથાઓ પણ ઉજજવળ રૂપે સંભવ બની શકે છે.

> દ્દઢ સંકલ્પ બળ અદમ્ય પુરૂષાર્થથી અને પુરૂષાર્થ અખૂટ ધીરજ અને ત્યાગથી સભર હોય એ અત્યંત જરૂરી છે.

મહાવીરને 'મહાવીર' અને સિધ્ધાર્થને 'બુધ્ધ' બનવા સુધીના પુરુષાર્થમાં કેટકેટલી અને કેવી ત્યાગ ભાવની અજાણ કહાનીઓ ગર્ભિત હશે  દ્રઢ સંકલ્પ બળ અદમ્ય પુરૂષાર્થથી અને પુરૂષાર્થ અખૂટ ધીરજ અને ત્યાગથી સભર હોય એ અત્યંત જરૂરી છે. સ્વામી દયાનંદ સરસ્વતી, મહર્ષિ અરવિંદ, રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદ જેવી તપસ્વી મૂર્તિઓના પરમાર્થ ત્યાગની ભાવનાથી સભર હતો. ત્યાગ વિના તપસ્યા અર્થાત્ પુરૂષાર્થ શોભે નહીં, ફળ ન આપે. સંકલ્પની શક્તિ કેટકેટલી અને કેવી કેવી પ્રાપ્તિ અને સિધ્ધિની જનેતા છે? સંકલ્પથી જ સર્વશકિતઓની પ્રાપ્તિ, કંટ્રોલીંગ અને કરેકશન કરાવવાનું સામર્થ્ય; દુરદર્શન, દૂરશ્રવણ અને સુખનો અનુભવ કરાવવાની વિધિની સિધ્ધિ સંકલ્પ દ્વારા જ સૃષ્ટિના પરિવર્તનની વિશ્વ કલ્યાણી શક્તિની પ્રાપ્તિ, પ્રભુમય જીવનની મસ્તી અને પ્રાણ-પ્રિય પરમાત્માના હૃદય સિંહાસનનું અણમોલ ભાગ્ય કેટકેટલી સિધ્ધિની સંભાવના સંકલ્પશક્તિમાં સમાયેલી છે !

પ્રિય આત્માઓ, આપણા મનોબળને દ્રટ-મજબૂત બનાવવા પ્રેરણા શ્રોત સમા સમર્થ-પાવરફુલ સંકલ્પોને જ નૂતન વર્ષના નવ પ્રભાતે મન-બુદ્ધિના દ્વારે સ્વાગત કરીશું તો જ સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં પરમાત્મા આપણને મદદગાર અર્થાત્ મેસેન્જર, પયગમ્બર-શાંતિદૂત બનાવશે અને સુખ, શાંતિ અને સમૃધ્ધિ જીવનમાં બક્ષે એવી શુભેચ્છા સાથે

---

# જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય

જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ ગીતા
સાધુ જ્ઞાનાનંદદાસ

સંશયને દૂર કરી આત્મશક્તિના રહસ્યને ઉજાગર કરી હવે ભગવાન કૃષ્ણ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયને સમજાવી રહ્યા છે.

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય- આ ત્રણ તત્ત્વોનું તાત્ત્વિક વિશ્લેષણ ગીતાની આગવી વિશેષતા છે. આ ત્રિવિધ તત્ત્વો વિના જ્ઞાનની પૂર્ણતા શક્ય નથી. આ ત્રણેય પરસ્પર સંબંધિત છે છતાં પોતપોતાની અલગ ઓળખ ધરાવે છે.

જ્ઞાતા એટલે જાણનાર- જે ચેતન શક્તિ ધરાવે છે, જે અનુભવે છે, વિચારે છે, સમજે છે. જ્ઞાતા માનવનું આત્મસ્વરૂપ છે. શરીર, મન કે ઈન્દ્રિયોને જાણે છે એવું લાગે છે પરંતુ એ માત્ર સાધનો છે. જ્ઞાનની પ્રક્રિયા પાછળ રહેલું સચેત તત્ત્વ એટલે જ્ઞાતા- આત્મા. આત્મા જ એ શક્તિ છે, જે ઈન્દ્રિયો દ્વારા વિષયોનો અનુભવ કરે છે અને તે જ સર્વ અનુભવોનો સાક્ષી છે.

હા, ઉપનિષદોમાં આત્માને 'સાક્ષી ચૈતન્ય' તરીકે ઓળખાવવામાં આવ્યો છે- એટલે કે તે બધાનો સાક્ષી છે. શરીર ઊંઘે, મન સ્વપ્ન જુએ, ઈન્દ્રિયો આરામ કરે, છતાં આત્મા ચેતન જાગૃત રહે છે. સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થામાં પણ આત્મા સદા પ્રકાશમાન રહે છે. એ જ કારણ છે કે સુષુપ્તિ પછી જાગવાથી આપણે કહીએ છીએ કે "હું સારી રીતે સૂતો હતો." - આ કહેવું એ સાબિત કરે છે કે સૂવાના સમયે પણ કોઈ 'હું' તત્ત્વ હાજર હતું, જેને પછી એ અનુભવ યાદ રહ્યો. તે 'હું' તત્ત્વ એટલે જ જ્ઞાતા આત્મા.

આ અવિનાશી તત્ત્વ જ જ્ઞાતા છે કારણ કે જો જ્ઞાતા પણ નાશ પામે, તો જ્ઞાનનો પ્રકાશ ક્યાંથી રહેશે? જ્ઞાન તો ત્યાં સુધી શક્ય છે જ્યાં સુધી જ્ઞાતા રહે. જ્ઞાતા આત્મા સદાચેતન છે પરંતુ તેનું જ્ઞાન મન અને ઈન્દ્રિયો દ્વારા પ્રગટ થાય છે. જેમ વીજળી તાર વડે પ્રકાશ આપે છે, તેમ આત્મા મન અને ઈન્દ્રિયોના



માધ્યમથી વિશ્વનો અનુભવ કરે છે. મન અને ઈન્દ્રિયો તાર જેવા છે. તેમની માધ્યમ વિના અનુભૂતિ થતી નથી, પરંતુ વીજળી વિના તાર નિષ્ક્રિય છે. આત્મા વિના મન નિર્જીવ છે.

આમ, શરીર બદલાય છે, મન બદલાય છે, ઈન્દ્રિયો થાકે છે પરંતુ આત્મા તો અવિચલ સાક્ષી રહીને સર્વનો અનુભવ કરતો રહે છે. એ જ માનવનું સત્ય સ્વરૂપ, સદા ચેતન અને અમર જ્ઞાતા આત્મા છે.

વળી, જ્ઞાન એટલે જાણવાની ક્રિયા. જ્ઞાન એક પ્રકારનું માધ્યમ છે જેના દ્વારા જ્ઞાતા જ્ઞેયને ઓળખે છે. જ્ઞાનમાં ચેતનાનો પ્રવાહ હોય છે, જે મન અને ઈન્દ્રિયો મારફતે બહારની દુનિયા તરફ વળે છે. મન જ્ઞાનનું મુખ્ય સાધન છે. ઈન્દ્રિયો જ્ઞાનના દ્વાર છે, પરંતુ મન એ બધાને જોડે છે અને જ્ઞાતાની તરફ લઈ જાય છે. જ્યારે મન શુદ્ધ અને એકાગ્ર હોય ત્યારે જ્ઞાન સ્પષ્ટ અને પ્રકાશરૂપ બને છે. ગીતા કહે છે કે જેનું મન વિખરાયેલ છે તે જ્ઞાન પ્રાપ્ત કરી શક્તો નથી કારણ કે મનની એકાગ્રતા વિના જ્ઞાનનો પ્રકાશ ઝાંખો રહી જાય છે.

અંતે, જ્ઞેય એટલે જાણવાનો વિષય; જેનું જ્ઞાન મેળવવાનું હોય તે ! જ્ઞેય જ્ઞાનનો વિષય છે, તે દશ્ય કે વિચારરૂપ વસ્તુ હોઈ શકે છે. જ્યારે જ્ઞાતા જ્ઞાન દ્વારા જ્ઞેયને ઓળખે છે ત્યારે જ જ્ઞાનની પ્રક્રિયા પૂર્ણ બને છે. ઉદાહરણ તરીકે, કોઈ ફૂલ જોઈને આપણે કહીએ કે 'આ ગુલાબ છે.'- અહીં ગુલાબ જ્ઞેય છે, આંખ અને મન દ્વારા જે જાણવાની પ્રક્રિયા થાય છે તે જ્ઞાન છે, અને જે જાણે છે તે જ્ઞાતા છે.

આ ત્રણેય -જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય -એકબીજા વિના અધૂરા છે. જ્ઞાતા વિના જ્ઞાન શક્ય નથી, જ્ઞાન વિના જ્ઞેય ઓળખાય નહીં, અને જ્ઞેય વિના જ્ઞાનની ક્રિયા થઈ શકતી નથી. આમ, આ સંપૂર્ણ પ્રકિયા અવિભાજ્ય છે, જે ચેતનાના પ્રવાહમાં સતત કાર્યરત રહે છે.

> શરીર બદલાય છે, મન બદલાય છે, ઇન્દ્રિયો થાકે છે પરંતુ આત્મા તો અવિચલ સાક્ષી રહીને સર્વનો અનુભવ કરતો રહે છે

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે, "બ્રાહ્મીસ્થિતિ થયા પછી મુમુક્ષુ ઉત્કૃષ્ટ જ્ઞાતા બને છે. આ જ્ઞાતાને બધામાં પરમાત્મા દેખાય છે. 'જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે' આ પંક્તિ અનુસાર તેને બધે જ દિવ્યતાનો અનુભવ થાય છે. આ સ્થિતિ માટે બ્રહ્મસ્વરૂપ ગુરુની જરૂર પડે. ઉપનિષદો આ જ અવસ્થા માટે કહે છે -'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ'- જે બ્રહ્મને જાણે છે, તે પોતે બ્રહ્મરૂપ બની જાય છે."

હા, આ જ જ્ઞાનની પરાકાષ્ઠા છે, જ્યાં જાણનાર, જાણવાની ક્રિયા અને જાણવાનું બધું જ દિવ્ય બની જાય છે.